NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦**

**વંચાણમાં:–** જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્ર.નં.એલ/એચ. કયુ./ ટેક ૧/૬૧૨/ ૨૦૨૧, તા. ૧૦/૦૨/૨૦૨૧

**<u>તાત્કાલિક/અગત્યનું</u>**

## :: <u>પરિપત્ર</u> ::

**વિષયઃ– સને ૨૦૧૭–૧૮ ના વર્ષનું લોકલ ફંડ ઓડિટ હાથ ધરવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સને ૨૦૧૭–૧૮ ના વાર્ષિક હિસાબોનું સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ, નવસારી દ્વારા **તા.૨૨/૦૩/૨૦૨૧** ની આસપાસ શરૂ થનાર છે, (જેનો પત્ર આ સાથે સામેલ છે.) તો જે તે કચેરીઓએ તેમનું સ્થાનિક રેકર્ડ અધતન રીતે ગોઠવણ કરી જરૂરી વ્યવસ્થા પુરી પાડવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. ઓડિટ સમય દરમ્યાન કર્મચારી / અધિકારીશ્રીઓએ તેઓની ફરજ ઉપર હાજર રહી ઓડિટે કરેલ માંગણી મુજબનું તમામ રેકર્ડ રજૂ કરવાનું રહેશે. ઓડિટ દરમ્યાન ઉપસ્થિત કરવામાં આવતા પ્રાથમિક વાંધાના જવાબો જરૂરી આધાર પુરાવા સાથે શકય હોય તો તુરંત જ અથવા દિન–૩ માં રજુ કરી આપવાની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે.

**નોંધઃ– ઓડિટરશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રાથમિક વાંધાની નોંધ <u>કચેરીના ઓડિટ રજીસ્ટરમાં</u> ફરજીયાત કરવાની રહેશે.**

**હિસાબ નિયામક**

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/ઓડિટ/૬૩૨-૬૩૪/૨૦૨૧
નવસારી, તા. ૧૧/૦૨/૨૦૨૧

**<u>નકલ જય ભારત સાથ રવાના :–</u>**

(૧) યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ (તમામ), તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૨) વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ તથા ઓડિટ માટે રેકર્ડ તૈયાર રાખવા વિનંતી.
(૩) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

# જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી

સ્થાનિક ભંડોળ હિસાબલ જિલ્લાસેવા સદન, એ બ્લોક, બીજે માળ,
પૂર્વપાંખ જુની કલેકટરશ્રીની કચેરી જુનાથાણા, નવસારી
**Mail: asstexaminer-nav@gujarat.gov.in** **Phone: 02637-280239**

નં.એલ/એચક્યુ /ટેક૧./૬૧૨/૨૦ તા.૧૦.૦૨.૨૦૨૧

પ્રતિ,
હિસાબ નિયમકશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સીટી,
જીલ્લો-નવસારી.

વિષય:- કૃષિ યુનિવર્સિટી નવસારીનુ સને ૨૦૧૭-૧૮ નું ઓડીટ શરૂ થવા બાબત.
સંદર્ભ : સંયુક્ત નિરીક્ષકશ્રી ઓડીટના પત્ર ક્રમાંક : અએલ.એચ.ક્યુ./યુનિ./૧૩૨/૨૧૪૩ થી ૨૧૫૬ તા.૨૩.૧૦.૨૦

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સ્થાનિક ફંડ અધિનિયમની ૧૯૬૩ ની કલમ ૩,૪ અન્વયે કૃષિ યુનિવર્સિટી નવસારીનુ સને ૨૦૧૭-૧૮ નુ ઓડિટ તા. ૨૨.૦૩.૨૧ ની આસપાસ શરૂ થનાર હોય ઓડીટ દરમ્યાન રેકર્ડ રજૂ થાય તે સારૂ આપશ્રી દ્વારા ઘટતુ કરવા નમ્ર વિનંતી છે.

તેમજ સને ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને સને ૨૦૧૭-૧૮ ના ઓડીટ અહેવાલ મંજુરી અર્થે વડી કચેરીએ મોકલવા સારુ આપની યુનિવર્સિટીની અધ્યતન સુધારેલ એક્ટ, રુલ્સ, ઓર્ડીનન્સ, સ્ટેચ્યુટ, વાર્ષિક હિસાબો, વાર્ષિક વહિવટી અહેવાલની બે નકલ અત્રેની કચેરીને દિન – ૫ માં મળે તેવુ આયોજન કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
નવસારી

OFFICE OF THE ... OFFICER CUM COMPTROLLER
INWARD NO. 238
DATE 10 FEB 2021
N.A.U., NAVSARI